# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-03-2026 Day: Sunday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતી વકીલ** વાંચે છે.

---

## P.M.સાણંદ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે સાણંદમાં માઇક્રોન સેમિકન્ડક્ટર ટેકનોલોજી ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડની સેમિકન્ડક્ટર એસેમ્બલી, ટેસ્ટ અને પેકેજિંગ- ATMP સુવિધાનું ઉદ્ઘાટન કર્યું. જે દેશની સેમિકન્ડક્ટર ઉત્પાદન યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. આ પ્રસંગે સભાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે માઇક્રોચિપ આ સદીનું નિયમનકાર બનશે.

---

## ભુજ-રાજ્યપાલ :

નીતિ આયોગના 'સ્ટેટ સપોર્ટ મિશન' અંતર્ગત અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટી, હાલોલના સંયુક્ત ઉપક્રમે ભુજમાં "પ્રાકૃતિક ખેતી માટે પડકારો અને તકો" વિષય પર આયોજિત બે દિવસીય રાષ્ટ્રીય વર્કશોપનો ગઈકાલે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે વર્ચ્યુઅલી પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે રાજ્યપાલે વૈજ્ઞાનિકો અને ખેડૂતોને સંબોધન કરતાં પ્રાકૃતિક ખેતી અપનાવવા પર વિશેષ ભાર મૂક્યો હતો. ગુજરાતમાં 8 લાખ ખેડૂતો રાસાયણિક ખેતી છોડીને પ્રાકૃતિક ખેતી સાથે જોડાયા છે. પ્રાકૃતિક કૃષિના પાંચ આયામોને અનુસરીને જ પ્રાકૃતિક ખેતી કરવા રાજ્યપાલે ખેડૂતોને અનુરોધ કર્યો હતો.

---

## કેન્સર રસીકરણ-કચ્છ:

દેશને સર્વાઇકલ કેન્સર (ગર્ભાશયના મુખનું કેન્સર) થી મુક્ત કરવાના સંકલ્પ સાથે ગઈકાલથી ઐતિહાસિક રસીકરણ અભિયાનનો પ્રારંભ થયો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અજમેર ખાતેથી આ રાષ્ટ્રવ્યાપી અભિયાનને ખુલ્લું મૂક્યું હતું, જેના અનુસંધાને ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યવ્યાપી રસીકરણ શરૂ કરાયું છે. ગાંધીધામમાં પણ અંદાજિત 3600 કિશોરીઓને HPV (હ્યુમન પેપીલોમા વેક્સિન) આપી સુરક્ષા કવચ પૂરું પાડવાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે આ અભિયાન હેઠળ 28 ફેબ્રુઆરી 2026ના રોજ જે દીકરીઓને 14 વર્ષ પૂર્ણ થયા હોય પરંતુ 15 વર્ષ પૂર્ણ ન થયા હોય, તેવી તમામ કિશોરીઓને આ રસી આપવામાં આવશે.સમગ્ર રાજ્ય સાથે કચ્છમાં પણ તમામ તાલુકાઓમાં આરોગ્ય વિભાગ દ્વારા શાળા, આંગણવાડી અને હેડ કાઉન્ટ સર્વેના સંકલનથી તમામ કિશોરીઓને આ રસી નિ:શુલ્ક આપવામાં આવશે. જેનો લાભ લેવા  આરોગ્ય વિભાગ દ્વારા અનુરોધ કરાયો છે.

---

## બોર્ડ પરીક્ષા-કચ્છ:

હાલમાં ચાલી રહેલ ધો.10 અને 12ની બોર્ડ પરીક્ષામાં પારદર્શિતા અને શિસ્ત જળવાઈ રહે તે માટે કચ્છ જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમાર અને તેમની ટીમે રાપર તથા ભચાઉના સંવેદનશીલ કેન્દ્રોની રૂબરૂ મુલાકાત લઈને વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી. આ ઉપરાંત ભુજ, માંડવી અને નખત્રાણા તાલુકામાં વિજિલન્સ સ્ક્વોર્ડ અને સ્થાનિક સ્ક્વોર્ડ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જિલ્લામાં હજી સુધી કોઈ કોપીકેસ સામે આવ્યો નથી.દરમ્યાન જિલ્લામાં ત્રણ અલગ-અલગ સ્થળોએ સીસીટીવી વ્યૂઇંગની કામગીરી શરૂ કરાઈ છે. વિવિધ ટીમો દ્વારા ચોકસાઈપૂર્વક પરીક્ષા કેન્દ્રોનું ફૂટેજ નિરીક્ષણ કરાઈ રહ્યું છે દરેક વર્ગખંડના રેકોર્ડિંગનું બારીકાઈથી નિરીક્ષણ કરાશે. જો કોઈ વિદ્યાર્થી શંકાસ્પદ હલનચલન કરતો અથવા ચોરી કરતો જણાઈ આવશે તેવા કિસ્સા અલગ તારવીને બોર્ડ સમક્ષ મોકલાશે અને ફૂટેજના આધારે કોપી કેસ દાખલ કરાશે.એવું એક યાદીમાં જણાવાયું હતું.

---

## ક્રિકેટ:

ટી-20 વિશ્વકપની સુપર આઠની અંતિમ ગ્રુપ એની મેચમાં આજે ભારતનો મુકાબલો વેસ્ટ ઈન્ડિઝ સાથે થશે.  કોલકતાના ઈડન ગાર્ડન ખાતેની મેચ સાંજે સાત વાગ્યે શરૂ થશે. પ્રથમ મેચમાં દક્ષિણ આફ્રિકા સામે ભારતને 76 રનથી પરાજય ખમવો પડ્યો હતો પરંતુ બીજી મેચમાં ઝિમ્બાબ્વે સામે 72 રનથી વિજય થતાં ભારતની સેમી ફાઇનલમાં પહોંચવાની આશા જીવંત રહી છે.

---------------------------------------------------------------------------------------------------

## ભુજ એરપોર્ટ વધુ 4 ફ્લાઇટ્સ:

એરપોર્ટ સલાહકાર કમિટીની બેઠક ભુજ એરપોર્ટ પર સંસદસભ્ય વિનોદ ચાવડાના અધ્યક્ષસ્થાને યોજાઇ હતી. સંસદ શ્રી ચાવડાએ પાર્કિંગ વિસ્તારમાં ઇવી ચાર્જિંગ સ્ટેશનનું ઉદ્ઘાટન કરતાં જણાવ્યું હતું કે મુખ્ય પ્રોજેક્ટ્સ નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવે. ડીરેક્ટર નવીનકુમાર સાગરે આગામી ઉનાળાના સમયપત્રકમાં ચાર વધારાની ફ્લાઇટ્સ કાર્યરત થશે તેવી જાહેરાત કરી હતી અને છેલ્લા બે વર્ષમાં મુસાફરોના ટ્રાફિકમાં નોંધપાત્ર અને ઝડપી વૃદ્ધિ જોવા મળી છે તેમ પણ જણાવ્યું હતું.

---------------------------------------------------------------------------------------------------

## હોળી-ધુળેટી પર્વ:

આવતીકાલે હોળીનાં તહેવારને અનુલક્ષીને ભુજની બજારમાં ધાણી, દાળિયા, ખજુર, હારડા, પતાસા સહિતની વસ્તુઓનું વેચાણ વેચાણ વધ્યું છે, પરિણામે સવારે અને સાંજના સમયે બજારમાં લોકોની ભીડ જોવા મળી રહી છે. ઉપરાંત હોળી-ધુળેટી નિમિત્તે રંગ-પિચકારી સહીત વિવિધ વસ્તુઓની ખરીદીમાં ઉછાળો જોવા મળ્યો છે.

---------------------------------------------------------------------------------------------------

# <u>રાષ્ટ્રીય વિજ્ઞાન દિન ઉજવણી-ભુજ:</u>

૨૮ ફેબુઆરીના રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિતે ગઈકાલે ભુજમાં રિઝીયોનલ સાયન્સ સેન્ટર ખાતે વિવિ શાળાના બાળકો માટે વિજ્ઞાનમાં રસ કેળવાય તે હેતુથી  વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. ઉપરાંત ધી ઇન્ડિયન પ્લેનેટરી સોસાયટી સંચાલિત જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી નિમિતે પુરા મહિના દરમ્યાન તજજ્ઞોના વ્યાખ્યાનો, વિજ્ઞાનપ્રદર્શન, આકાશ દર્શન, ફન વિથ સાયન્સ, હેન્ડ્સ ઓન સાયન્સ પ્રવૃતિઓ કરાવવામાં આવી હતી.ગઈકાલે દરેક તાલુકાની કુલ 50 જેટલી શાળાઓમાં વિઝ્યુઅલ સાયન્સ ક્વીઝ યોજવામાં આવી હતી.

---